| તારીખ | સ્પર્ધાનું નામ | પ્રથમ વિજેતા | ધોરણ | દ્વિતીય વિજેતા | ધોરણ | કન્વીનર |
|---|---|---|---|---|---|---|
| | | મહેતા શ્રીયા આર. | ૫-બ | પટેલ રાશી કે. | ૫-અ | **અનુભવ વગરનું જ્ઞાન અંધ છે.** |
| ૭/૧૦/૨૪ | વૈજ્ઞાનિકોનું જીવનવૃતાંત | પરમાર યશ ડી. | ૫-બ | પ્રજાપતિ વેદ એચ.પટેલ રાશી કે. | ૫-અ | |
| | | રાજા જયવીર ડી. | ૪-અ | જાદવ ધ્રુમિતકુમાર ટી. | ૫-અ | |
| | | વણકર પલક આર. | ૩-બ | પરમાર વંસિકા એસ. | | |
| ૮/૧૦/૨૪ | કાગળકામ | વણકર પલક આર. | ૩-બ | રાણા હેનિલ એચ. | ૩-બ | |
| | | મિસ્ત્રી કાવ્યા બી. | ૪-બ | માછી મીત જી. | ૩-અ | વૈશાલીબેન |
| | | વસાવા દક્ષ જે. | ૫-અ | વસાવા ભવ્યાબેન એ. | ૩-અ | |
| ૮/૧૦/૨૪ | ગુજરાતી નિબંધ લેખન | મહેતા શ્રીયા આર. | ૫-બ | અટોદરિયા વેદાંશીકુંવરબા એચ. | ૪-બ | |
| | | રાણા પ્રથમ એન. | ૪-અ | ભાસ્કર સંજના એ. | ૫-બ | |
| | | મોદી આર્યા એચ. | ૩-બ | સગર અવિનાશ જે. | ૫-અ | |
| ૧૩/૯/૨૪ | બોધવાર્તા | મિસ્ત્રી કશિશ એ. | ૩-અ | રાણા જય પી. | ૪-બ | પદ્માબેન |
| | | રાજા જયવીર ડી. | ૪-અ | સોલંકી આશ્વી એસ. | ૩-અ | |
| | | પરમાર પંક્તિ પી. | ૫-બ | ફરસરામ જૈવલ કે. | ૩-બ | |
| ૧/૮/૨૪ | અંગ્રેજી સ્પેલીંગ સ્પર્ધા | ચૌહાણ યશપાલસિંહ વાય. | ૫-અ | પ્રજાપતિ વેદ એચ. | ૪-બ | રૂપલબેન |
| | | હાંસોટી પ્રથમ એચ. | ૪-બ | ગોસ્વામી સિધ્ધિરાણા પ્રિન્સી | ૫-અ | |
| | | માછી હેનિલ કે. | ૪-અ | ફરસરામ જૈવલ કે.પટેલ ચિત એ. | ૫-બ૫-બ | |
| ૧૮/૧૦/૨૪ | વેસ્ટમાંથી બેસ્ટ | કરમાટા સ્વરા કે. | ૩-બ | માછી મીત જી. | ૪-બ૪-બ | નયનાબેન |
| | | વસાવા ભવ્યા એ. | ૪-બ | રાણા પ્રથમ એન. | ૩-અ | |
| | | ઓડ આયુળ એલ. | ૫-અ | ભાસ્કર સંજના એ. | ૪-અ | |
| ૧૯/૧૦/૨૪ | એક મિનીટ સ્પર્ધા | પઢિયાર હૈયા એન. | ૩-બ | પરમાર નક્ષ ડી. | ૫-અ | ભક્તિબેન |
| | | રાણા દર્શિલ સી. | ૪-બ | રાણા દર્શન એસ. | ૩-અ | |
| | | જાદવ નિત્ય ડી. | ૫-બ | વાળંદ વિહાન વી. | ૪-અ | |
| ૨૫/૧૦/૨૪ | દીવડા શણગાર | સોલંકી આસ્વી એસ. | ૩-બ | રાણા હર્ષ એચ. | ૫-બ | હેતલબેન પટેલ |
| | | પરમાર ફાગુન વી. | ૩-અ | હાંસોટી પ્રિત બી. | ૩-બ | |
| | | પ્રજાપતિ મીચ યુ. | ૪-અ | રાણા દક્ષ એસ. | ૪-બ | |
| | | વસાવા ભવ્યાબેન એ. | ૪-બ | અટોદરિયા વેદાંશી એચ. | ૫-અ | |
| | | વણકર ભવ્ય એન. | ૫-બ | | ૫-અ | |
| ૨૫/૧૦/૨૪ | દિવાળી કાર્ડ | સોલંકી આસ્વી એસ. | ૩-બ | પટેલ કશ્યપ ડી. | ૩-અ | હેતલબેન પટેલ |
| | | વસાવા ભવ્યાબેન એ. | ૪-બ | કાયસ્થ હેત્વી આર. | ૩-અ | |
| | | રાણા ચાર્મી એ. | ૫-અ | રાણા માહિર એચ. | ૪-અ | |
| | | જાદવ રિતીકા પી. | ૫-અ | રોહિત દક્ષ બી. | ૫-અ | |
| ૨૧/૧૦/૨૪ | ભજન સ્પર્ધા | વણકર પલક આર. | ૩-બ | વાઘેલા મિશિકા એચ. | ૩-અ | ભક્તિબેન |
| | | પટેલ ચિત એ. | ૪-અ | જાદવ મલ્હાર કે. | ૪-બ | |
| | | સોલંકી જાનવી એચ. | ૫-અ | માછી હેનિલ આર. | ૪-અ | |
| | | | | રણા પ્રિયાંશી એ. | ૫-અ | |










# શાળાકીય પ્રવૃત્તિઓ (૨૦૨૪-૨૫) પૂર્વ પાથમિક (ગુજરાતી માધ્યમ)

**૧૪/૨/૨૪ : પારિવારિક ખુશીઓનો કળશ :** આજના આધુનિક યુગમાં જયારે માતા-પિતા અને બાળકો વચ્ચે તાદાત્મય ઓછું થઇ ગયું છે. તેને જાગ્રત કરવા તેમજ બાળકો દાદા-દાદીનો સ્નેહ મિલન કરાવવાના હેતુથી ૧૪-ફેબ્રુઆરી વેલેન્ટાઇન-ડે ના દિવસને માતૃ-પિતૃ પૂજન, દિકરી પૂજન તેમજ દાદા-દાદી પૂજન કરાવામાં આવ્યું. જેમા સર્વ પ્રથમ કાર્યક્રમમાં સહભાગી બનેલા વાલીશ્રીઓને પુષ્પ ગુચ્છથી આવકારવામાં આવ્યા હતા. અને શ્લોક મંત્રો ઉચ્ચાર દ્વારા માતા-પિતા પૂજન અને દાદા-દાદી પૂજન કરાવવામાં આવ્યું હતુ. તેમજ માતા-પિતા પોતાના ઘરની લક્ષ્મી એટલે કે દીકરીના કંકુ પગલા કરાવી દીકરીનુ પૂજન મંત્રો અને શ્લોક દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોગામમાં આવેલ સમસ્ત માતા-પિતા, દાદા-દાદી ખૂબ જ ભાવુક અને ખુશીથી આનંદિત થયા હતા.






**૧૭/૨/૨૪ : શૈક્ષણિક પ્રવાસ :** કુકરવાડા, લોકેશાનંદજીનો આશ્રમ, ભાડભૂત, (મીઠાનો અગર) લખા બાવાનું મંદિર પ્રવાસમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.



**૨૩/૩/૨૪ : ધૂળેટી :** નર્સરી નાના ભૂલકાંઓના હાથની છાપ પડાવી હોળી પર્વના ખૂબ સરસ ચાર્ટ બનાવવામાં આવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓએ રંગ ગુલાલ લગાવી ધૂળેટી પર્વની ઉજવણી કરી હતી. (કન્વી. રેખાબેન)





**૧૫ થી ૨૫/૪/૨૪ : સમર કેમ્પ :** સમર કેમ્પમાં બાળકોને ડાન્સ, મેદાનમાં જુદી જુદી રમતો, બાળકોની પસંદના કાર્ટુન, મૂવી બતાવ્યા, પેપર ક્રાફટ કરાવ્યું. છાપકામ કરાવવામાં આવ્યું હતુ. પેજામાં પાર્ટી કરાવી. જેમા બાળકો પોતાના વર્ગના મિત્રો સાથે ઘર જેવા વાતાવરણનો અનુભવ કરાવ્યો. વિવિધ કલર ડે ઉજવણી તેમજ બાળકોને મનપસંદ ગીતો પર ડાન્સ કરાવી. વિવિધ રીતે સમર કેમ્પની ઉજવણી કરાવવામાં આવી હતી. દરેક બાળકોને હર્ષોલ્લાસનો અનુભવ કરાવી. વિદ્યાર્થીના શૈક્ષણિક વર્ષની પૂર્ણાહૂતિ કરાવી હતી.

**૧૩/૬/૨૪ : પ્રવેશોત્સવ :** નર્સરી, શિશુ-૧,૨ નાના ભૂલકાંઓને શાળાનો પ્રથમ દિવસ યાદગાર બની રહે તેના માટે પૂર્વ પ્રાથમિક ગુ.મા.ના શિક્ષકોએ વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી. ગુલાબની પાંખડીઓથી એમનું સ્વાગત કર્યુ. તેમજ ચોકલેટથી મોં મીઠું કરાવ્યુ હતું. દરેક વર્ગમાં બાળકોને અલગ અલગ રમતો રમાડી ખૂબ આંનદથી શાળાના પ્રથમ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.




**બાળકનું સ્મિત એ ઈશ્વરની અમૂલ્ય ભેટ છે.**